

# પ્રાંતિજ ખાતે બંને રાજકીય પક્ષોની રેલી યોજાઈ

સાબરકાંઠા જિલ્લાની ૩૩ પ્રાંતિજ વિધાનસભા બેઠક ખાતે આજે રાજકીય પક્ષો ભાજપ-કોંગ્રેસ બંને દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાંતિજના માર્ગો પર એકઠી થયેલી જનમેદનીને બંને ઉમેદવારોએ પોતાને મત આપવા અનુરોધ કર્યો હતો. પ્રાંતિજ શહેરમાં આજે બંને રાજકીય પક્ષો એ જન સંપર્ક માટે રેલીનું આયોજન કર્યુ હતું. રેલી પ્રાંતિજના નાની ભાગોળ, બજારચોક ભાંખરીયા બસ સ્ટેન્ડ સહિત વિવિધ વિસ્તારોમાં ફરી હતી. રાજકીય પક્ષોની રેલીનું ઠેર ઠેર ફુલહારથી સ્વાગત પોતાના કાર્યકર્તા તેમજ સમર્થકોએ કરી જીત માટે પ્રાર્થના કરી હતી. બંને રેલીમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉમટી પડયા હતાં. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



વિધાનસભા ચૂંટણીના મતદાનના દિવસની તારીખ જેમ-જેમ નજીક આવી રહી છે તેમ તેમ ઉમેદવારો હવે પોતાનો ચૂંટણી પ્રચાર તેજ બનાવી દીધો છે. ત્યારે માણસામાં મતદારોને આકર્ષવા માટે કોંગ્રેસના ઉમેદવારના સમર્થનમાં ચૂંટણી પ્રચાર અર્થે ભાગ લીધો અને ખુલ્લી જીપમાં સવાર થઈ હજારો કાર્યકરો સાથે કોંગ્રેસના ઉમેદવાર માટેપ્રચાર કર્યો હતો. જેમાં ભારે જનમેદની ઉમટી હતી. માણસા વિધાનસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર એવા અમિત ચૌધરીના સમર્થનમાં તેમજ પ્રચાર અર્થે આજે માણસા ખાતે ફિલ્મ અભિનેત્રી પ્રિતિ જાંગીયાની આવી પહોંચી હતી અને નાગરિકો-મતદારોને કોંગ્રેસના ઉમેદવારને મત આપવા અને જંગી બહુમતીથી વિજયી બનાવવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત વિશાળ બાઈક રેલીમાં જોડાઈ ખુલ્લી જીપમાં અમિત ચૌધરી સાથે અભિનેત્રી પ્રિતિ જાંગીયાનીએ વિવિધ વિસ્તારોની મુલાકાત લઈ પ્રચાર કર્યો હતો. આમ અભિનેત્રીને નિહાળવા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટી પડ્યા હતા. (તસવીર : મયુરધ્વજસિંહ વાઘેલા, માણસા)

## વિધાનસભા ચૂંટણીના દિને દરેક ખાનગી સંસ્થા, કાર્યાલય કર્મચારીઓને સવેતન રજા આપવા જાહેરાત

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લામાં સમાવિષ્ટ વિધાનસભા મત વિભાગમાં ચૂંટણીઓ યોજાનાર છે. આ વિધાનસભા મત વિભાગોમાં સમાવિષ્ટ તમામ વિસ્તારોમાં વિધાનસભાની ચૂંટણીમાં મત આપવાનો અધિકાર ધરાવતી દરેક વ્યક્તિ કે જે કોઈ પણ વેપાર, ધંધા, ઔદ્યોગિક એકમ અથવા અન્ય કોઈપણ સંસ્થામાં શ્રમયોગી તરીકે નોકરી કરતા હોઈ તેમને મતદાનના દિવસે દુકાનો અને સંસ્થાઓ માટે ૧૯૪૮ના ગુજરાત દુકાનો અને સંસ્થા અધિનિયમ અનુસાર સવેતન રજા આપવાની રહેશે. આ અધિનિયમની પેટાકલમ-૧ અને ૨ ની જોગવાઈ અન્વયે રજા મંજુર કરવામાં આવેલ હોવાથી તેવી કોઈપણ વ્યક્તિના વેતનમાંથી કોઈ કપાત કરવાની રહેશે નહી અને ઔદ્યોગિક એકમ કે સંસ્થામાં નોકરી કરતા હોઈ તેવા મતદારો લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ કલમ ૧૩૫બી(૧) અન્વયે સવેતન રજા હક્કદાર રહેશે. તેમ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે મદદનીશ શ્રમ આયુક્ત એ.ટી. પેઈન્ટરે જણાવ્યું છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે ચૂંટણીના દિવસે ઔદ્યોગિક સંસ્થા તથા દુકાનો અને વાણિજય સંસ્થાઓમાં રોકાયેલા શ્રમયોગીઓને રજા જાહેર કરતી જોગવાઈના ચુસ્તપણે અમલ માટે જિલ્લામાં નીચે જણાવેલ નોડલ અધિકારીની નિમણુંક સરકાર દ્વારા કરવામાં આવેલ છે. ઉક્ત બાબતમાં કોઈ ફરિયાદ કે રજૂઆત હોઈ તો નોડલ અધિકારીને ટેલિફોન નં. ૦૨૭૭૨-૨૪૦૬૨૭, ૯૮૭૯૦૦૪૫૫૨ અથવા હિંમતનગર મદદનીશ શ્રમ આયુક્તની કચેરી બી બ્લોક ગ્રાઉન્ડફલોર બહુમાળી ભવન હિંમતનગરનો રૂબરૂમાં સંપર્ક કરવા અનુરોધ છે.

## કાંકરેજમાં ખરાબાનું પતન થતાં નિલગાયો ખેડૂતોના ખેતરોમાં વળી પ્રજાએ જાગવું જરૂરી

કાંકરેજ, તા. ૧૨

કાંકરેજ તાલુકામાં કેટલાક ગામોમાં ખરાબા એટલે કે ગૌચરો બીલકુલ નષ્ટ થઈ ગયાં છે. જ્યાં લોકો દ્વારા ખેતી કરવામાં આવી રહી છે. ક્યાંક ઈંટવાડા પાડવા માટે તે ગૌચરનો ઘરેલુ વપરાશ કરવામાં આવે છે. આવું બનતાંની સાથે રોઝ નિલગાયો, ભુંડ વિગેરે પ્રાણીઓ ખેડૂતોના ખેતરમાં આશરો સોધતા હોય છે કારણ ઉપર આભ નિચે ધરતી ધરતી પર ગૌચરો ખરા પણ અત્યારે કોના ? ત્યારે નીલગાયો ખેતરોમાં વળે છે. ક્યારેક ખેડૂત ગુસ્સે ભરાય તો નીલગાયોને ઘાયલ કરે છે. તો ક્યાંક જાનથી મારી નાંખે છે. આ બાબતે ફોરેસ્ટખાતુ - રેવન્યુખાતુ સક્રિય બની નીલગાયોથી ખેડૂતની ખેતી બચાવે અને ખારાબા કાઢી ઈંટવાડા કે ખેતી લાયક જમીન બનાવી ખેતી કરતા ખરાબાના ચોરોને યોગ્ય શિક્ષા કરી ખરાબાની જમીનો ખાલી કરાવે તેવો જન મત પ્રવર્તી રહ્યો છે. ઈન્સેટ તસવીરમાં એક ખેડૂતના ખેતરમાં ૧૦ થી પણ વધારે નીલગાયો પોતાનો ખોરાક ચરચા આવી રહી છે. જ્યારે બીજી તસવીરમાં ઘાયલ નીલગાયનું બચ્ચું જોવા મળે છે. આમ નિલગાયો માટે જીવવું મુશ્કેલ બની ગયું છે. પરંતુ ગુજરાતની ધરતી પર એમાંય કાંકરેજના આકોલી ગામે ધરમી માણસો છે જ બચ્ચાને દિયોદર પાંજરાપોળમાં સારવાર માટે લઈ જવામાં આવ્યું હતું. આવા મુંગા જાનવરોને મારવાં તે કાયદાકીય ગુનો છે પરંતુ આવૃ કૃત્ય કરનારે સો વાર વિચારવું જરૂરી છે અન્યથા નજાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે.



(તસવીર : હેમુભા વાઘેલા, કાંકરેજ)

## સિધ્ધપુર ખેરાલુ માર્ગ પર કહોડા ગામ નજીક સર્જાયેલા અકસ્માતમાં એકનું મોત

ઊંઝા, તા.૧૨

સિધ્ધપુર-ખેરાલુ ધોરી માર્ગપર કહોડા ગામ નજીક મારૂતિકાર ઓટો રીક્ષા સાથે અથડાઈને ઝાડ સાથે ટકરાતાં થયેલ ગમખ્વાર અકસ્માતમાં મારૂતિકારમાં બેઠેલ ચાલક સહિત બે સગાભાઈઓ પૈકી એક વ્યકિતનું કરૂણ મોત નિપજયું હતું જયારે ચાલકને ગંભીર ઈજાઓ થઈ હતી.

વિગત એવી છે કે, ઊંઝા તાલુકાના કહોડા ગામે રહેતા સુરેશજી બાબુજી રાજપૂત અને કૌશિકજી બાબુજી ઠાકોર બંને માર્ગમાં કહોડા નજીક એક ઓટોરીક્ષાએ અચાનક ટર્ન લેતાં મારૂતિકાર રીક્ષા સાથે અથડાઈને રોડ પરના ઝાડ સાથે ટકરાઈ હતી જેથી મારૂતિકારમાં બેઠેલા બે સગા ભાઈઓને ગંભીર ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને તુરંત સારવાર અર્થે સિધ્ધપુર અને ત્યાંથી મહેસાણા હોસ્પિટલમાં પહોંચતા જ સુરેશજી રાજપૂતનું કરુણ મોત નિપજયું હતું. આ અકસ્માતમાં મારુતિકારને ખાસ્સું નુકશાન થયું હતું. આ બનાવ અંગે ઊંઝા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

## સાબરકાંઠા જિલ્લામાં ૨૦ હજારથી કર્મચારીઓ ચૂંટણી કામગીરીમાં જોતરાયા

### ઘેર-ઘેર મતદાર કાપલીનું વિતરણ શરૂ કરાયું પોલીંગ મથકો ઉપર ચુસ્ત સુરક્ષા બંધોબસ્ત

હિંમતનગર ૧૨

સાબરકાંઠા જિલ્લાની ૭ વિધમાન સભા બેઠકની ચૂંટણી માટે ઉમેદવારો અને ટેકેદારોનો પ્રચાર જોર-ચોરથી ચાલી રહયો છે. ૧૫ લાખથી વધુ મતદારો ૧૭ ડિસેમ્બરના રોજ મતદાન કરી ઉમેદવારોના ભાવીનો ફેસલો કરનાર છે. ત્યારે મુક્ત અને ન્યાય વાતાવરણમાં મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તરફથી ૨૦ હજારથી વધુ કર્મચારીઓને ચૂંટણી કામગરીમાં જોતરવામાં આવ્યા છે.

ઇજલ્લાની હિંમતનગર, મોડાસા, બાયડ, ભિલોડા, ખેડબ્રહમા, પ્રાંતિજ અને ઈડર વિધાન સભા બેઠક માટે ૧૭ ડિસેમ્બરે ૧૫ લાખથી વધુ મતદારો ઈવીએમ મશીન થી મતદાન કરશે. મતદારોને ઘેર-ઘેર જઈને ફોટાવાળી મતદાર કાપલીનુ વિતરણ મંગળવારથી કરવામાં આવી રહી છે. જિલ્લામાં ૨ હજારથી વધુ બી.એલ.ઓ. ૩ દિવસમાં મતદાર કાપલીનું વિતરણ પૂર્ણ કરશે. તેની સાથે મતદારોમાં મતદાન માટે ઉત્સાહ જાગે તે માટેના પ્રયાસો જિલ્લા ચૂંટણી વિભાગ દ્વારા શૃ કરવામાં આવ્યા છે.

## તલોદમાં નવજોત સિધ્ધુની જાહેર સભા યોજાઈ

તલોદ, તા.૧૨

તલોદ ખાતે યોજાયેલી જાહેરસભામાં સાંસદ નવજોતસિંહ સિધ્ધુએ જાહેરસભામાં કેન્દ્ર સરકારની આકરી ઝાટકણી કાઢી હતી વડાપ્રધાન મનમોહનસિંહ ન સરદાર છે ન અસરદાર છે. જયારે નરેન્દ્ર મોદી શેર નહીં બબ્બર શેર છે તેમ સિધ્ધુએ જણાવ્યું હતું.

તલોદ માર્કેટયાર્ડમાં આજે બપોરે યોજાયેલી જાહેરસભામાં વડાપ્રધાન પર આકરા પ્રકારો કર્યા હતા. અસહ્ય મોંઘવારી ભ્રષ્ટાચારથી દેશનું ચિરહરણ થઈ રહ્યું છે ત્યારે એક માત્ર નરેન્દ્ર મોદી ઉન્નતિ અને આકાશ તરફ લઈ જશે. વધુમાં જણાવ્યું કે ગુજરાત વિધાનસભાની ચુંટણી લોકભા માટે નિર્ણાયક બનશે. ૨૦૧૪ની ચુંટણીના પરિણામો નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવશે. તેઓ શેર નહીં બબ્બર શેર છે.

શાયરીઓ અને અનોખા અંદાજમાં કોંગ્રેસની સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. સભામાં મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. મતદારોને ભાજપના ઉમેદવાર જયસિંહ ચૌહાણને વિજેતા બનાવી મોદી સાહેબના હાથ મજબુત કરવા મતદારોને અપીલ કરી હતી.

## ઍપોલો દ્વારા યાંગુનમાં ટેલિ મેડિસીન સેવા શરૂ કરાઇ

ગાંધીનગર, તા. ૧૨

એશિયાના સૌથી મોટા ઍપોલો હૉસ્પિટલ ગ્રુપ દ્વારા મ્યાનમાનના યાંગુનમાં ટેલિ મેડિસીન સેવા શરૂ કરવામાં આવી છે.

આ સુવિધાનું ઉદ્‌ઘાટન ડેપ્યુટી ચીફ ઑફ મિશન એમ્બેસી ઑફ ઈન્ડિયા યાંગુન મ્યાનમાર શ્રી શૈલેષ થાંગલ દ્વારા કરેલ છે. આ સુવિધાથી મ્યાનમાનના નાગરિકોને ભારતની શ્રેષ્ઠ તબીબી સારવાર મળી શકશે.

આ પ્રસંગે ઍપોલો હૉસ્પિટલ ગ્રુપ મેડિકલ પ્રૉ. સંદિપ ગુલેરીયા, રેનલ અને પીડીયાટ્રીક ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. વી.પી. સિંઘ, સર્જિકલ ઓન્કોલોજીસ્ટ ડૉ. મુથુજયોતિ હાજર રહ્યાં હતા.





(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ ખાતે શાંતિપૂર્ણ મતદાન થાય અને લોકો પોતાના પવિત્ર મતનો ઉપયોગ કરી શકે તે હેતુથી અને ભયમુકત વાતાવરણ સર્જાય તે માટે પ્રાંતિજ શહેરમાં આજે અર્ધ લશ્કરી દળની ટુકડી તેમજ પોલીસની ટીમ દ્વારા વિવિધ વિસ્તારો અને સંવેદનશીલ વિસ્તારોમાં લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

## સમાચાર ઝલક

- કર્મચારીને મળતા વિવિધ ભથ્થાને મુળ પગાર સાથે જોડીને પ્રોવિડન્ડ ફંડ કપાશે, બચત વધશે, માલિકો પર ભારણ વધશે.
- પ્રખ્યાત સિતારવાદક, ભારતરત્ન શ્રી રવિશંકર પંડિતનું ૯૨માં વર્ષે અમેરિકામાં નિધન.
- આજે ગુજરાતના ત્રણેય મુખ્ય રાજકીય પક્ષોનાં પ્રમુખોનું ભાવિ નક્કી થશે.
- તરણ સ્પર્ધામાં વધુ સિધ્ધિ : ૭૦ વર્ષના દાઉદ ફુલાણીએ ૭ વર્ષમાં ૪૮ મેડલો મેળવ્યા.
- લોન ન ચુકનારે સંપત્તિ ૩૦ દિવસમાં બેંકના નામે કરવી પડશે.
- જીવન જરૂરી દવાની કિંમતો ૧૧% સુધી ઘટશે.
- ૨૦૩૦ સુધીમાં ભારતીય અર્થતંત્ર ચીનને મહાત કરશે : અમેરિકી સંસ્થાનો રિપોર્ટ.
- ભારત માટે ૨૦૧૩ વર્ષ વિકાસનું રહેશે : મુડીઝની આગાહી.
- હિમાચલનાં ઘણાં ભાગોમાં હિમવર્ષા, પ્રવાસીઓ ઉમટ્યાં.
- તા.૨૦મી પછી સબસીડીવાળા ગેસ સિલિન્ડર ૯ કરાશે.
- શ્રી ઘનશ્યામભાઇ એચ. અમીનને 'સહકાર વિશ્વ શિરોમણી' આંતરરાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થયો.
- હવેથી બેંકમાં ખાતુ ખોલાવનારને તે જ બેંકના ગ્રાહકની ઓળખનો પુરાવો નહીં આપવો પડે.
- ભટીંડા કોર્ટમાં જ પતિએ પત્નીને ગોળી મારી હત્યા કરી.
- ૧૨/૧૨/૧૨નો દિવસે અનેક શહેરોમાં નવજાત શિશુઓનો જન્મ થતાં દંપત્તિઓ ખુશ.
- પોસ્ટ ખાતાના કર્મચારીઓ વિવિધ માંગણી સાથે હડતાળ પર.
- દક્ષિણ આફ્રિકામાં પુલ ધોવાતાં ૧૪ વ્યક્તિઓનાં મૃત્યુ.
- ઔદ્યોગિક વિકાલ દર આ વર્ષમાં સૌથી ઊંચી સપાટીએ ૮.૨ % થયો.
- ફિલ્મી અભિનેત્રી વિદ્યા બાલન ૧૪મી ડિસેમ્બરના રોજ પ્રભુતાનાં પગલાં માંડશે.

## તાજપુર કેમ્પ સ્ટેશન પાસેથી ટ્યુશન જતી વિદ્યાર્થિનીને ડાલાએ ટક્કર મારતા ઈજાઓ

તાજપુર કેમ્પ, તા. ૧૨

તાજપુર કેમ્પ સ્ટેશન ઉપર આજે વહેલી સવારે ટ્યુશન અર્થે જતી એક વિદ્યાર્થિનીને નશામાં ચકચૂર છોટા હાથી (ડાલા)ના ચાલકે અડફેટે લેતા વિદ્યાર્થિની માર્ગ પર ફંગોળાઈ જતા શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ ઘટના અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તલોદ તાલુકાના તાજપુર કેમ્પ સ્ટેશન ઉપર હરસોલ હાઈસ્કૂલમાં ધોરણ-૮માં અભ્યાસ કરતી અને વહેલી સવારે તલોદ ટ્યુશન માટે જતી વિદ્યાર્થિની આરતીબા રણજીતસિંહ રાઠોડને નશામાં બેફામ પુરઝડપે હંકારી રહેલ ડ્રાયવરે ડાલાની જોરદાર ટક્કર મારતા રોડ ઉપર પટકાઈ હતી. જેથી શરીરના તમામ ભાગોમાં ગંભીર ઈજાઓ થતા આરતીબાને તાત્કાલિક સારવાર અર્થે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઘટનાની જાણ હરસોલ આઉટ પોસ્ટના જમાદાર મનુભાઈને જાણ થતા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## હિંમતનગર આરોગ્ય વિભાગ દ્વારા જનજાગૃતિ અર્થે વિવિધ કાર્યક્રમો

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ હિંમતનગર દ્વારા ગ્રામ્ય કક્ષાએ ડેન્ગ્યુ, ચીકનગુનીયા, મેલેરીયા અને મતદાનમાં જનજાગૃતિ લાવવા માટે તા. ૭ થી ૧૫ ડિસેમ્બર સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે.

આ કાર્યક્રમમાં આગામી વિધાનસભા ચૂંટણીમાં મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત શેરી નાટક 'મતદાન અધિકાર અમારો' સહિત જિલ્લામાં ભવાઈના ૩૫૪ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજુ થશે. આરોગ્ય વિભાગના કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા મતદાતાઓને પ્રતિજ્ઞા લેવડાવી જનજાગૃતિ ઉભી કરવામાં આવશે. ઈડર ચૂંટણી નિરીક્ષક અજય જૈન, પ્રાંતિજ પ્રાંત અધિકારી આશાબહેન શાહે બહેનોના મતદાન જાગૃતિ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

## હિંમતનગરની જલારામ વિદ્યા શાળાનું ગૌરવ

હિંમતનગર, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની જલારામ વિદ્યા સંકુલના વિજ્ઞાન પ્રવાહના ધોરણ-૧૨ના તૃતિય સેમિસ્ટરમાં મેથ્સ (ગણિત)માં ૧૦૦માંથી ૧૦૦ માર્કસ મેળવી જયારે ફીઝીકસમાં ૧૦૦માંથી ૮૯ માર્કસ મેળવી મૂળ સાબલી (રામાયણ) તા. ઈડરના અને હાલ હિંમતનગરમાં રહેતા સ્વપ્રીલ કનુભાઈ સગરે સમાજનું તથા શાળાનું ગૌરવ વધારેલ છે. શાળાના આચાર્યશ્રીએ સ્વપ્રીલને અભિનંદન પાઠવ્યા હતા.